રાજયની બિન સરકારી અનુદાનપાત્ર
કોલેજોમાં અધ્યાપકોની ખાલી
જગ્યાઓને "અધ્યાપક સહાયક" તેવું
નામ આપી ભરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૦૪/૧૬૫૭/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૩-૧૦-૨૦૧૨

**વંચાણે લીધા-**

૧. શિક્ષણ વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ
૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૮/૨/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃમકમ/ખ.૨/

**પ્રસ્તાવના -**

રાજયની બિન સરકારી અનુદાનપાત્ર વિનયન, વિજ્ઞાન, વાણિજય, શિક્ષણ અને કાયદાની કોલેજોમાં અધ્યાપકોની જંગ્યા ખાલી જગ્યાઓને અધ્યાપક સહાયક તેવું નામ આપી રૂ. ૭૫૦૦/- ના ફિકસ માસિક ઉચ્ચક પગારથી નિમણૂંક આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી તા.૨૫-૦૮-૨૦૦૫ થી ઠરાવવામાં આવેલ છે.

ફિકસ પગારની રકમ ઘણીજ ઓછી હોવાના કારણે ઉમેદવારો ઘણી ઓછી સંખ્યામાં ઉપલબ્ધ થતા હતા. જેના કારણે પુરતા શૈક્ષણિક સ્ટાફના અભાવે શૈક્ષણિક કાર્યમાં મુશ્કેલી પડતી હતી. જેના અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના પત્રથી રૂ. ૭૫૦૦/- ના બદલે તેમાં વધારો કરવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

પુખ્ત વિચારણાને અંતે રાજયની બિન સરકારી અનુદાનપાત્ર કોલેજો માટે અમલમાં મુકવામાં આવેલ અધ્યાપક સહાયક યોજનામાં સુધારો કરી, હાલ કાર્યરત તેમજ નવી થનાર નિમણૂંકથી આવનાર અધ્યાપક સહાયકોને રૂ. ૭૫૦૦/-ને બદલે રૂ. ૧૬,૫૦૦/- માસિક ઉચ્ચક પગાર તા.૧-૧૦-૨૦૧૨ની અસરથી ચુકવવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.



Scanned by CamScanner

૨. શિક્ષણ વિભાગના તા.૨૫-૦૮-૨૦૦૫ તથા વખતો વખતના ઠરાવોમાં થયેલ સુધારા યથાવત રહેશે.

૩. આ મંજુરી નામ. સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ એસએલપી નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના ચુકાદાને આધિન રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮-૦૯-૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એ.ગાંધી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના રહસ્ય સચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, આઇ.ટી. પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.



Scanned by CamScanner